શબ્દો કરતાં પણ
મૌનથી વધારે
સમજાવી શકાય છે
- એસ. ભટાચાર્ય

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૮૭ ૬ જૂન ૨૦૧૨, બુધવાર, જયેષ્ઠ વદ - ૨ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦


# મનપા લોકલ એરિયા નેટવર્ક ઊભું કરશે

## ઈ-ગર્વનન્સ વહીવટીય પ્રથાના અમલીકરણ માટે ૧૦ લાખના ખર્ચે નેટવર્ક ઊભું કરશે : પ્રથમ તબક્કામાં સાત જેટલી સેવાઓ આવરી લેવાનું આયોજન

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર મહાનગરપાલિકા વહીવટી તંત્રમાં ઈ-ગર્વનન્સ પ્રથાના અમલીકરણ માટે પોતાનું અલાયદુ લોકલ એરિયા નેટવર્ક રૂ. ૧૦ લાખના ખર્ચે ઉભુ કરશે.

મહાનગપાલિકાની રચનાને બે વર્ષ જેટલો સમય થઈ ચુક્યો છે. હજુ સ્ટાફ પેટર્નને મંજૂરી અપાઈ નથી પરંતુ વર્તમાન માળખાની મર્યાદામાં રહીને પણ પ્રજાને વધુ સારી સેવાઓ આપવા ઈ-ગર્વનન્સ પ્રથા પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે.

મનપાના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ લોકલ એરિયા નેટવર્ક દ્વારા હાલ સાત જેટલી સુવિધાઓ સાંકળી લેવામાં આવશે. રૂ. ૧૦ લાખના ખર્ચે ઉભા થનાર આ નેટવર્ક માટે રાજય સરકારે રૂ. ૭ લાખ કોમ્પ્યુરાઈઝેશન પેટે આપ્યા છે જયારે બાકીનો ખર્ચ સ્વભંડોળમાંથી મનપા કરી આ નેટવર્ક ઉભુ કરશે.

આગામી એકાદ સપ્તાહમાં જ આ નેટવર્ક કાર્યરત કરી દેવામાં આવશે. આ નેટવર્ક પછી મુખ્ય સરવર સાથે જોડી દેવામાં આવશે. મનપાના આ સૂત્રોએ જણાવ્યું છે કે હાલ જે સુવિધાઓને સાંકળી લેવાનું આયોજન છે તેમાં જન્મ-મરણ નોંધણી, લગ્ન નોંધણી, ગુમાસ્તાધારાની નોંધણી, શોપ્સ રજીસ્ટ્રેશન, વ્યવસાય વેરો, પગાર બિલ, આકારણીના બિલોની સેવાનો સમાવેશ થાય છે.


મળતી વિગતો પ્રમાણે આ સેવાઓની સાથે ફૂડ સેફટી એકટની સેવાઓને પણ સાંકળી લેવા માટેની કામગીરી ચાલી રહી છે. આ માટે હાલ ૧૫ જેટલા ટર્મિનલ જનસેવા કેન્દ્ર ખાતે સાંકળી અને કાર્યરત કરવામાં આવશે.


મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ સ્ટાફ પેટર્ન અંગેની દરખાસ્તને મંજૂરી મળ્યા બાદ આ નેટવર્કનો વિસ્તાર કરવામાં આવશે તેમજ જેમ જેમ સત્તાઓની સોંપણી થશે અને સેવાઓ વધતાં તે પણ સમાવવામાં આવશે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ જન્મ-મરણ નોંધણીની સુધારા વધારા સહિતની ૧૫૦ જેટલી એન્ટ્રીઓ થતી હોય છે. આ ઉપરાંત વ્યવસાય વેરાની વસુલાત તેમજ ગુમાસ્તા ધારાને લગતી કામગીરી સારા એવા પ્રમાણમાં રહેતી હોય છે. હાલ આકારણી રજીસ્ટરોને જોવાની કામગીરી ચાલે છે પણ આગામી દિવસોમાં કામગીરી પણ વધશે.

કોમ્પ્યુટરાઈઝેશન દ્વારા ઓછા સ્ટાફે વધુ કામ લઈ શકાશે તેમજ આ લોકલ એરિયા નેટવર્ક હેઠળ આવરી લેવામાં કોઈ પણ એક સેવા ખોરવાઈ છે તેવી ફરિયાદને અવકાશ રહેશે નહિ. હાલ આ લોકલ એરિયા નેટવર્કનું ટેસ્ટીંગ ચાલી રહ્યું છે. આગામી સપ્તાહ બાદ તે કાર્યરત કરી દેવામાં આવશે.

બે જ વર્ષના ટુંકા ગાળામાં મનપા તેનું ઈ-ગર્વનન્સ ક્ષેત્રે જનસેવા કેન્દ્ર અસરકારક રીતે કાર્યરત કરી એક આગવી ઓળખ ઉભી કરશે તેનો વિશ્વાસ તંત્રના અધિકારીઓ ધરાવે છે. ઈ-ગર્વનન્સ માટેના જરૂરી સોફટવેર ખરીદવામાં આવ્યા છે એટલું જ નહિ તેનું ઈન્સ્ટોલેશન પણ થઈ ચુકયું છે જેમાં કરકસરને અગ્રતા આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.





શુક્ર સંક્રમણ - આ સદીમાં ફરી નથી બનવાની એવી ખગોળીય ઘટના અને હાલ જે લોકો જીવિત છે એ પૈકીના કોઈ પણ ફરી નથી જોઈ શકવાના એવી અવકાશી ઘટના. પૃથ્વી અને સૂર્યની વચ્ચેથી શુક્ર સીધી રેખામાંથી પસા થાય છે, ત્યારે આ ઘટના જોવા મળે છે. આજે આ ઘટના સર્જાઈ રહી છે. સમગ્ર ગુજરાતમાંથી શુક્ર સંક્રમણની ઘટના જોઈ શકાશે. સૂર્યોદયના સમયથી આ સંક્રમણ જોઈ શકાશે, જે લગભગ સવારે ૧૦.૨૨ સુધી જોઈ શકાશે. ગાંધીનગરમાં પણ સૂર્ય ઊગે ત્યારથી આ ઘટના નિહાળી શકાશે. નગરમાં આ ઘટના જોવા માટે સંસ્થાઓ દ્વારા ખાસ વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

# જૂના મોબાઇલ, ટીવી, કોમ્પ્યુટર અને એરકન્ડીશનર જીએમસી ખરીદી લેશે

## અમદાવાદમાં કલેકશન શરૂ કરવામાં આવ્યું, હવે સુરત ને ત્યારબાદ ગુજરાતનાં અન્ય મહાનગરોમાં પ્રારંભ થશે

**(વિશેષ પ્રતિનિધિ)**

ગાંધીનગર, તા.૫

તમે તમારા જૂના મોબાઈલ, જૂના કોમ્પ્યુટર અને ભંગાર વાયરોનું શું કરો છો..જો યોગ્ય જગ્યાએ નિકાલ થતો ન હોય તો વાંધો નહીં, મ્યુનિસિપલ કોર્પોરેશન તેને ખરીદી લેશે. અમદાવાદ શહેરમાં શરૂ થયેલી આ ઝૂંબેશ રાજયના અન્ય શહેરોમાં પણ શરૂ કરવામાં આવનાર છે, જેમાં ગાંધીનગરનો પણ સમાવેશ થઈ જાય છે.

ઈ-વેસ્ટના નિકાલની મોટી સમસ્યા ઉદ્દભવી છે. ભારતમાં અને ગુજરાતમાં જૂની ઈલેકટ્રોનિકસ ચીજોને રિસાયકલ કરી વાપરવાની ટેવ છે પરંતુ એકની એક ચીજ વારંવાર વપરાયા પછી તેને કમાડી માર્કેટમાં નાંખી દેવામાં આવે છે.

આ ઈ-વેસ્ટ હવે રસ્તામાં નાંખી શકાશે નહીં કે તેના ઢગલા કરી શકાશે નહીં. જૂના મોબાઈલ, ટીવી, કોમ્પ્યુટર, વોશિંગ મશીન, ઈસ્ત્રી, એરકન્ડીશનર, લેપટોપ કે અન્ય ઈલેકટ્રોનિકસ આઈટમો હવે મ્યુનિસિપલ કોર્પોરેશન રોકડા રૂપિયા આપીને ખરીદી લેશે.

● અનુસંધાન પાન-૭ પર


**પ્રવેશ જાહેરાત**

**ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિ. ૦૫૦૬**

અભ્યાસથી વંચિત રહી ગયેલા માટે ગ્રેજયુએટ થવાની સુંદર તક
CCC, BPP, B.A., M.A. તથા બીજા ૭૨ કોર્ષ
(સર્ટી તથા ડીપ્લોમા)

**પુસ્તકો સંપૂર્ણ ફ્રી મળશે**

**શાંતિનિકેતન માધ્યમિક શાળા**
બ્લોક નં. ૪/૧, "છ" ટાઈપ, સેક્ટર-૨૯,
ઈન્કવાયરી સામે, ગાંધીનગર.
ફોન : ૨૩૨૪૩૩૦૯ ● સમય : ૮-૦૦ થી ૧૧-૦૦

**કે.જી. તથા ૧ થી ૧૦ પ્રવેશ ચાલુ છે.**
**ગણિત / વિજ્ઞાન / અંગ્રેજી શિક્ષકો જોઈએ છે.**


# ભાજપમાં મોદીની સામે પોસ્ટર યુદ્ધ સંજય જોષીને હિરો બનાવવાનો પ્લાન

ગાંધીનગર, તા.૫

ભાજપમાં આંતરિક ખેંચતાણ એ માત્ર ગુજરાત પ્રદેશનો વિષય રહ્યો નથી, નવી દિલ્હી સ્થિત પાર્ટીનું હાઈકમાન્ડ પણ આ દૂષણથી બાકાત રહ્યું નથી. રાષ્ટ્રીયસ્તરે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને પાર્ટીના સિનિયર નેતા સંજય જોષી વચ્ચેનો વિવાદ હવે પરાકાષ્ટાએ પહોંચ્યો છે અને પોસ્ટર યુદ્ધમાં પરિણમ્યો છે.

ગઈરાત્રીએ સંજય જોષીના પોસ્ટર્સ લાગ્યા અને બીજા દિવસે સવારે પોસ્ટર ઉતરી પણ ગયા છે. 'ભાજપની શી મજબૂરી, નહીં ચાલે દાદાગીરી. એક નેતાને ખુશ કરે અને બીજા નેતાનું રાજીનામું માગે... શું આ જ છે ભાજપની નિતી....'

સંજય જોષીના ફોટા સાથે ગાંધીનગર અને નવી દિલ્હીમાં અચાનક લગાડવામાં આવેલા આ પોસ્ટરોથી ખિન્ન થયેલી પાર્ટીની રાષ્ટ્રીય અને પ્રાદેશિક નેતાગીરીએ ગણતરીના કલાકોમાં આ પોસ્ટર ઉતરાવી લેવડાવ્યા છે.

**મેં તો સામેથી રાજીનામું આપી દીધું છે, પોસ્ટર લગાવવામાં મારો હાથ નથી અને કોણે લગાવ્યા તેની મને ખબર નથી : જોષી**

**ભાજપના ખાનપુર કાર્યાલય, દિલ્હીમાં રાજનાથસિંહ અને મુરલી મનોહર જોષીનાં નિવાસ બહાર લગાવેલાં પોસ્ટર હટાવાયા**

મુંબઈની રાષ્ટ્રીય કારોબારીમાં 'સંજય જોષી નહીં કાં હું નહીં' તેવા હઠાગ્રહ સાથે નરેન્દ્ર મોદીએ ફરમાન કરી દેતાં પાર્ટીના પ્રેસિડેન્ટ નિતીન ગડકરીને સંજય જોષીનું રાજીનામું લેવાની ફરજ પડી હતી. આ ઘટના પછી ભાજપના મુખપત્ર કમલ સંદેશ અને સંઘના મુખપત્ર પાંચજન્યમાં ભાજપના ચિંથરા ઉડાવે તેવા એડિટોરીય લખાતાં રાષ્ટ્રીય નેતાઓ ચોંકી ઉઠ્યાં છે.

દરમ્યાન અમદાવાદમાં ભાજપના પ્રદેશ કાર્યાલયની બહાર જ કોઈ વ્યક્તિ સંજય જોષીના ફોટા સાથેનું પોસ્ટર લગાવી જતાં સવાર થી દોડધામ મચી ગઈ હતી. આ

● અનુસંધાન પાન-૭ પર










ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

